# ગુજરાતી સાહિત્ય પરિષદ

## વાર્ષિક અહેવાલ

(ઈ.સ. ૨૦૧૬)

## ૨૯મું જ્ઞાનસત્ર

**શ્રી સર્વસાધારણ માનવ સેવા ટ્રસ્ટ, મગરવાડા**

૨૩-૨૪-૨૫ ડિસેમ્બર, ૨૦૧૬

સંકલન

**પ્રફુલ્લ રાવલ**


**ગુજરાતી સાહિત્ય પરિષદ**

ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭

વેબસાઈટ : www.gujaratisahityaparishad.org

ઈ-મેઈલ : gspamd@vsnl.net


ગુજરાતી સાહિત્ય પરિષદ

## ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યવાહક સમિતિના સભ્યો


૧. શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા (પ્રમુખ) અમદાવાદ
૨. શ્રી રવીન્દ્ર પારેખ (ઉપ પ્રમુખ) સૂરત
૩. શ્રી રાજેન્દ્ર પટેલ (ઉપ પ્રમુખ) અમદાવાદ
૪. શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી) અમદાવાદ
૫. શ્રી ઉષા ઉપાધ્યાય (પ્રકાશનમંત્રી) અમદાવાદ
૬. શ્રી જનક નાયક (વિકાસમંત્રી) સૂરત
૭. શ્રી અનિલા દલાલ (સભ્ય) અમદાવાદ
૮. શ્રી પ્રકાશ ન. શાહ (સભ્ય) અમદાવાદ
૯. શ્રી હરિકૃષ્ણ પાઠક (સભ્ય) ગાંધીનગર
૧૦. શ્રી મનસુખ સલ્લા (સભ્ય) અમદાવાદ
૧૧. શ્રી પ્રફુલ્લ દેસાઈ (સભ્ય)સૂરત
૧૨. શ્રી રાજેન્દ્ર મહેતા (સભ્ય) દિલ્હી
૧૩. શ્રી અજયસિંહ ચૌહાણ (સભ્ય) આણંદ
૧૪. શ્રી ધ્વનિલ પારેખ (ગાંધીનગર)
૧૫. શ્રી ઉત્પલ પટેલ (હિંમતનગર)
૧૬. શ્રી કનૈયાલાલ ભટ્ટ (ગાંધીનગર)
૧૭. શ્રી વિરંચી એમ. ત્રિવેદી (વડોદરા)


### ❊ ટ્રસ્ટીઓ ❊


૧. શ્રી પ્રફુલ્લભાઈ અનુભાઈ
૨. શ્રી નિરંજન ભગત
૩. શ્રી રઘુવીર ચૌધરી
૪. શ્રી મધુકર પારેખ
૫. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ
૬. શ્રી રૂપલ મહેતા
૭. શ્રી પાવન બકેરી
૮. શ્રી રાજીવ લાલભાઈ

ટ્રસ્ટી મંડળની બેઠકમાં નિમંત્રિત સભ્ય : શ્રી પરેશ નાયક


### ❊ ભૂતપૂર્વ પ્રમુખો ❊

૧. શ્રી વર્ષા અડાલજા
૨. શ્રી ધીરુ પરીખ

### ❊ કાર્યવાહક સમિતિની બેઠકમાં નિમંત્રિત સભ્યો ❊

૧. શ્રી યોગેશ જોષી, (તંત્રી, પરબ)

મધ્યસ્થ સમિતિમાં કુલ ૭૩ સભ્યો હોય છે. કાર્યવાહક સમિતિના સભ્યો મધ્યસ્થ સમિતિના સભ્યો હોય છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આપણી વાત | ૩ |
| ૨. | વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદ | ૪ |
| ૩. | ઇન્ટરનેટ/વેબ | ૧૧ |
| ૪. | પ્રકાશનપ્રવૃત્તિ | ૧૩ |
| ૫. | ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ | ૧૫ |
| ૬. | ચી.મં. ગ્રંથાલય : પરિચય અને પ્રવૃત્તિ | ૧૭ |
| ૭. | રવીન્દ્રભવન | ૧૯ |
| ૮. | ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર | ૨૦ |
| ૯. | વિશિષ્ટ કાર્યક્રમો (બુધસભા, પાક્ષિકી, એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ) | ૨૧ |
| ૧૦. | વિવિધ કાર્યક્રમોની યાદી | ૨૩ |
| ૧૧. | મળેલાં દાનની વિગત | ૨૪ |
| ૧૨. | શ્રદ્ધાંજલિ | ૨૫ |
| ૧૩. | જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ | ૨૬ |
| ૧૪. | જ્ઞાનસત્રની યાદી | ૨૮ |
| ૧૫. | ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખોની યાદી | ૨૯ |



ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : ઉષા ઉપાધ્યાય (પ્રકાશનમંત્રી)
ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯
website : www.gujaratisahityaparishad.org e-mail : gspamd@vsnl.net
મુદ્રણ સ્થાન : શ્રી હરિ ગ્રાફિક્સ, નારણપુરા જૂના ગામ, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩.
મો. ૯૬૦૧૭૨૬૨૬૦




# આપણી વાત

ગુજરાતી સાહિત્ય પરિષદનું કામ ગુજરાતી સાહિત્ય-ભાષાના પ્રચાર-પ્રસારનું છે એ સુવિદિત ઘટના છે. પરિષદના પ્રાંગણમાં થતી પ્રવૃત્તિઓ સાથે પરિષદ દ્વારા અન્યત્ર થતી પ્રવૃત્તિઓ ઉપરાંત ગુજરાતમાં-ગુજરાત બહાર થતી સાહિત્યિક પ્રવૃત્તિઓથી સહુ માહિતગાર રહે તે હેતુ અહીં વિગતવાર પ્રવૃત્તિઓ દર્શાવી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે જે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તેમાં વિવિધ વ્યાખ્યાનો દ્વારા પૂર્વકાલીન અને સમકાલીન સાહિત્યકારો વિશે અને વિવિધ સાહિત્યસ્વરૂપો અને સાહિત્યને લગતાં વિવિધ પાસાંઓને અનુલક્ષીને પરિષદને મળેલાં દાનમાંથી ગુજરાતભરમાં વિવિધ જગ્યાએ વિવિધ વ્યાખ્યાનનું આયોજન કરે છે.

માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે માતૃભાષાકૌશલના અભ્યાસક્રમ ચાલે છે. પરિષદ અંતર્ગત એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ ઉપક્રમે બહેનોની લેખનપ્રવૃત્તિને વેગ આપવામાં આવે છે.

પરિષદની પરંપરા રહી છે કે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિશે અવારનવાર પરિસંવાદો અને એ અંગેની ચર્ચાવિચારણા કરે. પરિષદ દ્વારા જે વિવિધ પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન થઈ છે તેની વિગતે વાત અહીં ક્રમશઃ રજૂ કરી છે.

## (૨)
## વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદ

### પરિષદની વિવિધ વ્યાખ્યાનમાળાઓ

- યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા
- ઉશનસ્ વ્યાખ્યાનમાળા
- ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ)
- પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાન
- ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા
- વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા
- વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા
- ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા
- સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા
- કે.બી. વ્યાસ વ્યાખ્યાનમાળા
- રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા
- તારાબહેન મંગળદાસ મહેતા વ્યાખ્યાનમાળા
- વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા
- હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા
- જયંતી એમ. દલાલ વ્યાખ્યાનમાળા
- કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા

### ૨૦૧૬ દરમિયાન યોજાયેલાં વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદો

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને અક્ષરા, વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રી જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૯-૧-૨૦૧૬ના રોજ શ્રી હિમાંશી શેલતે વડોદરા ખાતે 'ગુજરાતી વાર્તા : વિવેચન સંદર્ભે' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.



- ગુજરાતી સાહિત્ય પરિષદ અને જે.બી. ધારુકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, સૂરતના સંયુક્ત ઉપક્રમે તારાબહેન મંગળદાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી જગદીશ ગુર્જરે તા.૧૧-૨-૨૦૧૬ના રોજ સૂરત ખાતે 'સુરેશ જોષીનો વિવેચનવિચાર' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી વિભાગ, મણિબહેન નાણાવટી વિમેન્સ કૉલેજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી સોનલ પરીખે તા.૧૩-૨-૨૦૧૬ના રોજ મુંબઈમાં 'મહાત્મા ગાંધીનું પત્રકારત્વ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી અદિતિ દેસાઈએ 'મારી જીવનયાત્રા : મારી રંગયાત્રા' વિશે તા.૧૬-૧૧-૨૦૧૬ના રોજ ભાવનગર ખાતે વ્યાખ્યાન આપ્યું.

### પરિષદ પ્રકાશન શ્રેણી

- તા.૨૭-૨-૨૦૧૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'પરિષદ પ્રકાશન શ્રેણી' અંતર્ગત પ્રકાશિત પુસ્તક 'વિદ્યાબહેન નીલકંઠ : ગુજરાતની નારીચેતનાના અગ્રેસર' વિશેનો વિમોચનનો કાર્યક્રમ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે શ્રી ઉષાબહેન ઉપાધ્યાયે સૌને આવકાર આપીને કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. જેમાં સંપાદકશ્રી સુકુમાર પરીખે સંભારણાં તાજાં કર્યા હતા. શ્રી મધુસૂદન પારેખે 'વ્યક્તિત્વ અને વાઙ્મય' વિશે વક્તવ્ય આપ્યું હતું. પરિષદપ્રમુખ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'પરિષદ પ્રકાશન શ્રેણી' અંતર્ગત પ્રકાશિત પુસ્તક 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૭' વિશેના વિમોચન અને વક્તવ્યનો કાર્યક્રમ તા.૫-૩-૨૦૧૬ના રોજ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં શ્રી રમણ સોનીએ સમીક્ષાત્મક વક્તવ્ય આપ્યું હતું. શ્રી ઉષાબહેન ઉપાધ્યાયે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી અને શ્રી પારુલ કંદર્પ દેસાઈએ સંપાદકીય વક્તવ્ય આપ્યું હતું.

### પરિસંવાદ

- તા.૧૬-૦૬-૨૦૧૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને શોભિત દેસાઈ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગઝલવિશ્વના બે અગ્રણી શ્રી અમૃત 'ઘાયલ'

અને શ્રી અબ્બાસ વાસી 'મરીઝ'ના શતાબ્દીવર્ષ નિમિત્તે મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે પરિષદ વતી સ્વાગત કર્યું હતું અને શતાબ્દીવંદનાની ભૂમિકા કહી હતી. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, શ્રી ગૌરાંગ ઠાકર, શ્રી અનંત રાઠોડ, શ્રી ચંદ્રેશ મકવાણા, શ્રી ભાવેશ ભટ્ટ અને શ્રી ભાવિન ગોપાણીએ પોતાની ગઝલોનું પઠન કર્યું હતું. આ બેઠકનું સંચાલન શ્રી શોભિત દેસાઈએ કર્યું હતું.

- તા. ૧૭-૭-૨૦૧૬ મુંબઈ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ભારતીય વિદ્યાભવનના સહયોગથી શારદા સાહિત્યિક ગોષ્ઠિ અંતર્ગત સાગરકથા 'દરિયાલાલ' નાટ્યાત્મક સંગીત રૂપે સાહિત્યિક કલાસંપદા દ્વારા ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્રના સથવારે રજૂ થઈ હતી. ચિંતન પંડ્યા સર્જિત આ સંગીતિકાની રજૂઆત અમદાવાદની જાણીતી સંસ્થાઓ દ્વારા થઈ હતી. લેખકની સર્જનસૃષ્ટિ વિશેની આ ગોષ્ઠિમાં વર્ષા અડાલજા, ઇલા આરબ મહેતા તેમજ શ્રી દિનકર જોશીએ ભાગ લીધો હતો. 'અલ્લાબેલી' નાટકનાં રોમાંચક દૃશ્યનું પઠન શ્રી સનત વ્યાસ અને શ્રી મીનલ પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યનું સંકલન શ્રી ઉદયન ઠક્કર, શ્રી કમલેશ ગોતા અને શ્રી નિરંજન મહેતાએ કર્યું હતું.

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર અને 'કવિલોક' ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૩૦-૭-૨૦૧૬ના રોજ એકદિવસીય 'ગુજરાતી દીર્ઘકાવ્ય' વિશે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પારુલ કંદર્પ દેસાઈએ સૌનું સ્વાગત કર્યું હતું અને પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે પરિસંવાદની ભૂમિકારૂપ વક્તવ્ય આપ્યું હતું. પરિષદપ્રમુખશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું. પરિસંવાદની પ્રથમ બેઠકમાં શ્રી દીપક રાવલે 'ગુજરાતીમાં દીર્ઘ કાવ્ય' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી પ્રવીણ દરજીએ ઉમાશંકર જોશીકૃત 'પંખીલોક' કાવ્યની આધ્યાત્મિકતાની દૃષ્ટિએ ચર્ચા કરી હતી. શ્રી યોગેશ જોષીએ સુરેશ જોષીકૃત 'એક ભૂલા પડેલા રૉમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન' દીર્ઘ કાવ્યની વિગતે ચર્ચા કરી હતી. પરિસંવાદની બીજી બેઠકમાં શ્રી મીનળ દવેએ લાભશંકર ઠાકરકૃત 'માણસની વાત' કાવ્યની, શ્રી મહેન્દ્રસિંહ પરમારે શ્રી રાવજી પટેલકૃત 'સંબંધઃક્ષયમાં આત્મદર્શન' કાવ્યની, શ્રી પ્રવીણ પંડ્યાએ સિતાંશુ યશશ્ચંદ્રકૃત 'વખાર' કાવ્યની વિગતે ચર્ચા કરી હતી. આ બેઠકનું સંચાલન શ્રી ઇતુભાઈ કુરકુટિયાએ કર્યું હતું. પરિસંવાદની ત્રીજી બેઠકમાં શ્રી સમીર ભટ્ટે ઉદયન ઠક્કરકૃત 'ગરુડ પુરાણ', શ્રી રાજેશ પંડ્યાએ શ્રી યજ્ઞેશ દવેકૃત 'આદિમાતા' દીર્ઘ કાવ્યોની વિસ્તૃત ચર્ચા કરી હતી. પરિસંવાદનું સમાપન વક્તવ્ય શ્રી ધીરુ પરીખે આપ્યું હતું.



- સાહિત્ય અકાદેમી, દિલ્હી અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે તા.૨૪-૨૫ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ પૂર્વોત્તરી એવમ્ પશ્ચિમી ભારતીય સાહિત્યિક સંમેલન યોજાયું હતું. જેમાં જ્ઞાનપીઠ પુરસ્કારવિજેતા શ્રી રઘુવીર ચૌધરીએ ઉદ્‌ઘાટન વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી ભાલચંદ્ર નેમાડેની અધ્યક્ષસ્થાને પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે આભારદર્શન કર્યું હતું.

- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨૩-૯-૨૦૧૬ના રોજ 'કરુણપ્રશસ્તિ' વિશે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિષદપ્રમુખશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કરીને પરિસંવાદની ભૂમિકા બાંધી હતી. જેમાં તેમણે મહાકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય, દીર્ઘકાવ્ય, લઘુકાવ્ય અને કરુણપ્રશસ્તિકાવ્યની ચર્ચા કરી હતી. શ્રી શિરીષ પંચાલે 'કરુણપ્રશસ્તિ' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી નીના ભાવનગરીએ કાલિદાસકૃત 'રતિવિલાપ' કાવ્યની વિગતે ચર્ચા કરી હતી. શ્રી વિજય પંડ્યાએ કાલિદાસકૃત રઘુવંશમાં આવતી કથા અજ રાજાની પ્રિય પત્ની ઇન્દુમતીનું અકાળે અવસાન થવાથી તેમના વિરહમાં વિલાપ કરતા રઘુવંશના રાજા અજની કથાની ચર્ચા કરી હતી. શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું. પરિસંવાદની પ્રથમ બેઠકમાં શ્રી એસ.ડી. દેસાઈએ આલ્ફ્રેડ ટેનિસનકૃત 'ઇન મેમોરિયમ' કાવ્યની ચર્ચા કરી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે લોર્કા કૃત 'એલેજી ટુ ઈઝ બુલફાઈટર ફ્રેન્ડ'ની ચર્ચા કરી હતી. શ્રી હસિત મહેતાએ નરસિંહરાવ દિવેટિયાકૃત 'સ્મરણસંહિતા' વિશે વક્તવ્ય આપ્યું હતું. પરિસંવાદની બીજી બેઠકમાં શ્રી પ્રફુલ્લ રાવલે કવિશ્રી ન્હાનાલાલકૃત 'પિતૃતર્પણ' કાવ્ય વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી અજય રાવલે અરદેશર ફરામજી ખબરદારકૃત 'દર્શનિકા' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી હરિકૃષ્ણ પાઠકે કરસનદાસ માણેકકૃત 'ખાખનાં પોયણાં' ખંડકાવ્ય વિશે વ્યાખ્યાન આપ્યું હતું. પરિસંવાદની ત્રીજી બેઠકમાં શ્રી ઉષાબહેન ઉપાધ્યાયે સુંદરજી બેટાઈકૃત 'સદ્‌ગત ચંદ્રશીલાને' કાવ્યની સાધારણ ચર્ચા કરી હતી. શ્રી અનિરુદ્ધસિંહ ગોહિલે મનસુખલાલ ઝવેરીકૃત 'ભભૂતને' કરુણપ્રશસ્તિ કાવ્ય વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી પારુલ કંદર્પ દેસાઈએ ઉમાશંકર જોશી કૃત 'સદ્‌ગત મોટાભાઈ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ બધાં વ્યાખ્યાનો 'પરબ'ના 'કરુણપ્રશસ્તિ અંક' રૂપ પ્રસિદ્ધ થયાં છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૧૭-૧૨-૨૦૧૬ના રોજ 'મૃતનો અમૃતયોગ' વિશે એક દિવસીય પરિસંવાદ યોજાયો હતો. તેમાં શ્રી પ્રફુલ્લ રાવલે સ્વાગત કરી ભૂમિકા બાંધી હતી. શ્રી સિતાંશુ યશશ્ચંદ્રે અભિભાષણ કર્યું

હતું. શ્રી કિરીટ દૂધાતે રણજિતરામ મહેતા પર પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત શ્રી વિજયશાસ્ત્રીએ કેતન મુનશી, શ્રી ઉદયન ઠક્કરે ગજેન્દ્ર બુચ, શ્રી પ્રવીણ પંડ્યાએ જગદીશ વ્યાસ વિશે પ્રવચન કર્યું હતું અને સંચાલન શ્રી પારુલ કંદર્પ દેસાઈએ કર્યું હતું. શ્રી હર્ષદ ત્રિવેદી એ ગોવિન્દ સ્વામી, શ્રી રમણ સોનીએ ભૂપેશ અધ્વર્યુ, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે મણિલાલ દેસાઈ પર પ્રવચન આપ્યાં હતાં અને સંચાલન શ્રી ધ્વનિલ પારેખે કર્યું હતું. આ ઉપરાંત શ્રી ભરત મહેતાએ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, શ્રી સેજલ શાહે નીતિન મહેતા, શ્રી ઉત્પલ પટેલે ગિરીન ઝવેરી પર પોતાનું મંતવ્ય આપ્યું હતું. સંચાલન શ્રી અજય રાવલે કર્યું હતું.



## ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે સૂરત અને આજુબાજુના વિસ્તારમાં નીચે મુજબની પ્રવૃત્તિ થઈ હતી.

| | | તારીખ |
|---|---|---|
| • સાહિત્યકાર લાભશંકર ઠાકરની<br>શ્રદ્ધાંજલિ સભા | બકુલ ટેલર | ૯-૧-૧૬ |
| • તરહી મુશાયરો | નવા-જૂના કવિઓ | ૩-૪-૧૬ |
| • કવયિત્રી એશા દાદાવાળાનું કાવ્યપઠન | એષા દાદાવાળા | ૧-૭-૧૬ |
| • મરીઝની પંક્તિ પરથી તરહી મુશાયરો | નવા-જૂના કવિઓ | ૩૧-૭-૧૬ |
| • ઓરડો, તારાપણાના શહેરમાં,<br>ગઝલપૂર્વક આસ્વાદ | નયન દેસાઈ, સુનીલ શાહ<br>યામિની વ્યાસ, રેખા ભટ્ટ | ૧૦-૮-૧૬ |
| • આભ દોર્યું તો સૂર્ય ઊગ્યો'તો<br>મેં કહી કાનમાં જે વાત તને, સવાર લઈને | રમેશ ઓઝા, ગૌરાંગ ઠાકર,<br>ગુણવંત ઠક્કર, જ્વલંત નાયક | ૧૧-૮-૧૬ |
| • શબ્દ મારા સ્વભાવમાં જ નથી,<br>દરિયાનો આકાર માછલી, તાસીર જુદી છે | રવીન્દ્ર પારેખ, ડેનિશ જરીવાળા<br>મહેશ દાવડકર, હેમંત મદ્રાસી | ૧૨-૮-૧૬ |
| • છોડીને આવ તું, અંદર-બહાર એકાકાર,<br>સ્મરણોત્સવ | બકુલેશ દેસાઈ, કિરણસિંહ ચૌહાણ,<br>અશ્વિન દેસાઈ, પ્રેમ સુમેસરા | ૧૩-૮-૧૬ |
| • સાયબા, અહમ ઓગળવા આવ્યા, તપસિ | અમર પાલનપુરી, પ્રફુલ્લ દેસાઈ<br>દિલીપ મોદી, એષા દાદાવાળા | ૧૪-૮-૧૬ |
| • મારા હિસ્સાનો સૂરજ, તાજાં કલમમાં<br>એ જ કે, ખારાં ઝરણ | ધ્વનિલ પારેખ, રીટા ત્રિવેદી,<br>દિલીપ ઘાસવાળા, વિવેક ટેલર | ૧૫-૮-૧૬ |
| • અહેસાસ, આરપાર, શબ્દ સુરાહી | રઈશ મનીઆર, પ્રજ્ઞા વશી,<br>જગદીશ કંથારિયા, વિજય સેવક | ૧૬-૮-૧૬ |
| • ગઝલાયન, કવિતા નામે સંજીવની,<br>જે તરફ તું લઈ જશે | કિસન સોસા, નાનુભાઈ નાયક,<br>રીના મહેતા, હરીશ ઠક્કર,<br>નરેશ કાપડીઆ, બકુલ ટેલર | ૧૭-૮-૧૬ |
| • નર્મદજયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમ | કપિલદેવ શુક્લ, રવીન્દ્ર પારેખ | ૨૪-૮-૧૬ |
| • અમૃતા પ્રીતમ, તસ્લીમા નસરીન ને<br>પરવીન શાકીની સાહિત્યસૃષ્ટિ | પ્રજ્ઞા વશી, એષા દાદાવાળા,<br>રમેશ ઓઝા | ૧૦-૯-૧૬ |
| • સાહિત્યકાર રમેશ ઓઝાની શ્રદ્ધાંજલિ સભા | શરીફા વીજળીવાલા, બકુલ ટેલર<br>ઘનશ્યામપ્રસાદ સનાઢ્યા | ૨૭-૯-૧૬ |

| | | |
|---|---|---|
| • કિરણસિંહ ચૌહાણનું કાવ્યપઠન | કિરણસિંહ ચૌહાણ | ૧૫-૧૦-૧૬ |
| • 'ઘાયલ'ની પંક્તિ પરથી તરહી મુશાયરો | નવા-જૂના કવિઓ | ૨૩-૧૦-૧૬ |
| • અભિનેતા-દિગ્દર્શક કે.કે. કૃષ્ણકાંતની શ્રદ્ધાંજલિ | જ્યોતિ વૈદ્ય, વિલોપન દેસાઈ, કપિલ શુક્લ | ૨૭-૧૦-૧૬ |
| • કવિશ્રી વિવેક ટેલરનું કાવ્યપઠન | વિવેક ટેલર, રવીન્દ્ર પારેખ | ૧૯-૧૧-૧૬ |
| પ્રેમ-વિરહ પર તરહી મુશાયરો | હરીશ ઠક્કર, દિલીપ મોદી વગેરે | ૨૭-૧૧-૧૬ |

**પુસ્તકમેળાઓ**

| | | |
|---|---|---|
| • કે.પી. કોલેજ ઑફ કૉમર્સમાં પુસ્તકમેળો | સાહિત્યિક વક્તવ્યો | ૨૦,૨૧-૦૭-૧૬ |
| • એલ.ડી. હાઈસ્કૂલ, સચિનમાં દ્વિદિવસીય પુસ્તકમેળો | વાર્તા, કાવ્યાસ્વાદ વગેરે | |

**— જનક નાયક**



# (૩)
# ઈન્ટરનેટ/વેબ

• **વેબસાઈટ**


ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ સતત અપડેટ થતી રહે છે. વર્ષ ૨૦૦૮થી ૨૦૧૬ દરમિયાનની વેબસાઈટ પ્રવૃત્તિની વાર્ષિક સરેરાશ માહિતી આ સાથેની આકૃતિમાં જોઈ શકાશે.

આધુનિક યુગની માંગને અનુરૂપ, ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યક્રમોની જાણ વાચકોને ફેસબુક અને ટ્વીટર પર તથા ઈ-ન્યુઝલેટર દ્વારા ઈમેલના માધ્યમ દ્વારા કરવામાં આવે છે. નિયમિત રીતે મૂકવામાં આવતા કાર્યક્રમોની માહિતી, 'પરબ' તથા પરબના મુખપૃષ્ઠો પણ વાચકોને ઘણાં પસંદ આવે છે. સોશિઅલ મીડિયાને વેબસાઈટ સાથે સાંકળી લેવાયું છે, જેથી વેબસાઈટના મુલાકાતીઓને પણ માહિતી મળી રહે છે. શક્ય હોય ત્યારે પરિષદની યુટ્યુબ ચેનલ પર સાહિત્યિક કાર્યક્રમોનાં વીડિયો પણ મૂકાય છે. આ વર્ષે તા.૩૦-૭-૨૦૧૬ના રોજ યોજાયેલા 'ગુજરાતી દીર્ઘકાવ્ય' વિશેના પરિસંવાદના કેટલાંક અંશો, તા.૨૩-૯-૨૦૧૬ના રોજ યોજાયેલા 'કરુણપ્રશસ્તિ' પરિસંવાદના કેટલાંક અંશો તેમજ તા.૫-૧૦-૨૦૧૬ના રોજ યોજાયેલું શ્રી નિરંજન ભગતનું 'રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિ-૪ : બલાકાથી પ્રાંતિક' વ્યાખ્યાન વીડિયોરૂપે મૂકવામાં આવ્યાં છે. આશા છે કે સાહિત્યરસિકોના પ્રોત્સાહન, સહયોગ અને સહકારથી તેની ગુણવત્તામાં વધારો કરી શકાશે.

• સંસ્થામાં ઉપલબ્ધ તમામ ફોટાઓનું ડિજીલાઈઝેશન કરવાના કાર્યનો પ્રથમ તબક્કો લગભગ પૂરો થવા આવ્યો છે. ફોટો આર્કાઈવ્ઝના કાર્ય અંતર્ગત પુનઃવિનંતી કે જેમની પાસે ઉપલબ્ધ હોય એવાં મહત્ત્વનાં ફોટાનું તેઓ યોગદાન આપે - આ રીતે યોગદાનમાં મળેલા ફોટા કાર્યાલયમાં સ્કેન કરીને તેમને પરત મોકલી આપવામાં આવશે. આ ફોટા સાહિત્યકારોનાં હોઈ શકે અથવા સાહિત્યને લગતાં કાર્યક્રમોનાં કે ઘટનાઓનાં હોઈ શકે. આ અંતર્ગત, ફોટા બે રીતે મોકલી શકાશે - પરબીડિયામાં બંધ કરીને પરિષદ કાર્યાલયમાં મોકલી શકાશે અથવા ડિજીટલ કોપીમાં રૂપાંતર કરેલી સ્કેન્ડ-કોપી પરિષદના ઇ-મેલ એડ્રેસ પર મોકલી શકાશે.

• વર્ષ ૧૯૬૦થી ૨૦૧૬ સુધી પ્રકાશિત થયેલા 'પરબ'ના તમામ અંકો ડિજીટાઈઝ થઈ રહ્યાં છે. જેનો લાભ સૌ સાહિત્યરસિકોને મળશે. આ ભગીરથ કાર્યમાં જે કોઈ સહકાર આપવા ઈચ્છતા હોય, તે સૌનું સ્વાગત છે.

આશા છે કે ડિજીટાઈઝ થયેલાં ફોટા, પૂર્વ કાર્યક્રમોનું ઑડિયો-વીડિયો રેકોર્ડિંગ અને 'પરબ'નાં અંકો જેવી સાહિત્યસામગ્રી, સંશોધકો માટે તથા ભાવિ પેઢી માટે ઉપયોગી બની રહેશે.




– રૂપલ મહેતા



(૪)

# પ્રકાશન પ્રવૃત્તિ

(જાન્યુઆરી-૨૦૧૬થી ડિસેમ્બર-૨૦૧૬)

પરિષદની વિવિધ પ્રવૃત્તિઓમાંથી એક મુખ્ય પ્રવૃત્તિ ગુજરાતી ભાષાના ગુણવત્તાસભર પુસ્તકો પ્રકાશિત કરવાની છે. પરિષદ દ્વારા સર્જનાત્મક, વિવેચનાત્મક, સંશોધન-સંપાદન, ભાષાવિજ્ઞાન તથા અનુવાદના પુસ્તકો પ્રકાશિત થાય છે. સામાન્ય રીતે વ્યાવસાયિક પ્રકાશકો જે પુસ્તકો ન છાપે, પરંતુ જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને ઉપયોગી હોય તેવાં પુસ્તકોનું પ્રકાશન પરિષદ કરે છે. નવોદિત સર્જકો તથા લેખિકાઓને પ્રોત્સાહન મળે તે હેતુથી 'પરબ'માં જાહેરાત આપી, હસ્તપ્રતો મંગાવી, તેનું પરામર્શન કરાવીને એમનાં પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન પરિષદ કરે છે. વિવિધ સામયિકોમાં વર્ષભર પ્રકાશિત થયેલાં કાવ્યો તેમજ ટૂંકી વાર્તાના સંપાદન માટે અધિકારી સંપાદકોને નિમંત્રણ આપીને પ્રતિવર્ષ 'ગુજરાતી કવિતાચયન' તથા 'ગુજરાતી નવલિકાચયન' પ્રકાશિત કરાય છે. આ શ્રેણીને સાહિત્યરસિકો તથા અભ્યાસીઓ તરફથી વ્યાપક આવકાર મળ્યો છે. પરિષદનું મહત્ત્વનું પ્રકાશન ગુજરાતી સાહિત્યના ઇતિહાસની ચીવટપૂર્વક તૈયાર થયેલી ગ્રંથશ્રેણી છે. પરિષદનું એક અન્ય મહત્ત્વનું પ્રકાશન મુખપત્ર 'પરબ' છે. 'પરબ'માં સર્જનાત્મક સાહિત્ય, વિવેચન-સંશોધન તથા સાંપ્રત સાહિત્યિક પ્રવાહોની ગતિવિધિની માહિતીનો સમાવેશ થયો છે. વર્ષ દરમિયાન રૂ.૨,૧૨,૫૩૧/- નાં પુસ્તકોનું વેચાણ થયું છે.

**પ્રકાશિત થયેલાં પુસ્તકો**

૧. વિદ્યાબહેન નીલકંઠ : ગુજરાતની નારીચેતનાનાં અગ્રેસર :
સં. સુકુમાર પરીખ

૨. ભોગીલાલ ગાંધી જન્મશતાબ્દી ગ્રંથ : સં. સંપાદન મંડળ

૩. ગુજરાતી કવિતાચયન-૨૦૧૩ : સં. પ્રવીણ પંડ્યા

૪. પ્રેમાનુંદનું ભાષાકર્મ : ચન્દ્રકાન્ત શેઠ

**હાલ કમ્પોઝમાં મોકલેલ હસ્તપ્રતો નીચે મુજબ છે.**

૧. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૨ : સં. ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'

૨. ગુજરાતી કવિતાચયન-૨૦૧૪ : સં. કિશોરસિંહ સોલંકી
૩. ધણધણાટી : લે. રાજેશ અંતાણી
૪. અંતિમ કાવ્ય : અનુ. સુજ્ઞા શાહ
૫. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વેદાન્ત : સં. નર્મદા રાવલ
૬. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૫ : સં. પન્ના ત્રિવેદી

**નવાં પ્રકાશનો કરવાનું આયોજન**

૧. ગુજરાતી કવિતાચયન-૨૦૧૫ : સં. હર્ષદ ચંદારાણા
૨. ગુજરાતી કવિતાચયન-૨૦૧૬ : સં. અજયસિંહ ચૌહાણ
૩. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૬ : સં. દીવાન ઠાકોર
૨. ગુજરાતી સાહિત્યકોશ ખંડ-૩ (પુનર્મુદ્રણ)
૩. માતૃભાષા લેખનકૌશલ અને શિક્ષણ (પુનઃર્મુદ્રણ)

**– ઉષા ઉપાધ્યાય**



## (૫)
## ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ
(જાન્યુઆરી-૨૦૧૬થી ડિસેમ્બર-૨૦૧૬)

- **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :-**
  ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા હાલ મુખ્ય કામગીરી રૂપે 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' નું લેખન-સંપાદન-પ્રકાશનનું કાર્ય ચાલે છે. ગ્રંથ-સાત પ્રકાશન થઈ ગયું છે અને ગ્રંથ-૮નું સંપાદન કાર્ય ચાલુ છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિરના કાર્યકારી નિયામક શ્રી પારુલ કંદર્પ દેસાઈના માર્ગદર્શન હેઠળ શ્રી મુક્તિ પંચાલે 'બે નિબંધકારો : સુરેશ જોષી અને ભોળાભાઈ પટેલ (ગુજરાતી લલિતનિબંધ અને પ્રવાસનિબંધનાં સંદર્ભમાં)' વિષય પર મહાનિબંધ લખીને પીએચ.ડીની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમજ ક.લા. સ્વાધ્યાયમંદિરના પૂર્વનિયામક શ્રી રમેશ ર. દવેના માર્ગદર્શન હેઠળ શ્રી કનુભાઈ ટી. ખડદિયાએ 'અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તા : પાંચ વાર્તાકારોના ખાસ સંદર્ભે' વિષય પર મહાનિબંધ લખીને પીએચ.ડીની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

- ડૉ. ભોગીલાલ સાંડેસરા ચૅર અંતર્ગત માનાર્હ અધ્યાપક શ્રી રમણ સોનીએ 'વિષ્ણુદાસરચિત ચંદ્રહાસ-આખ્યાનનું સમીક્ષિત સંપાદન અને અનુસંધાનમાં તુલનાત્મક અભ્યાસ' વિષય પર અધ્યયન કરી હસ્તપ્રત સુપરત કરી છે.

- ડૉ. ભોગીલાલ સાંડેસરા ચૅર અંતર્ગત માનાર્હ અધ્યાપક તરીકે શ્રી દલપત પઢિયારની નિમણૂક થઈ છે. તેમના સંશોધનનો વિષય 'મધ્યકાલીન બીજમાર્ગી સંતકવિઓ' છે.

- ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા બી.કે. મજૂમદાર ગ્રંથશ્રેણી અંતર્ગત વિવિધ સાહિત્યસ્વરૂપોમાં સર્જન કરનારા નવોદિત સર્જકોના પ્રથમ પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. આ શ્રેણી માટે 'પરબ'માં જાહેરાત આપ્યા બાદ કુલ-૧૨ હસ્તપ્રતો મળી છે. તે હસ્તપ્રતોને હોદ્દેદારો સાથે વિમર્શ કર્યા બાદ પરામર્શન માટે મોકલાશે.

- **માતૃભાષા સજ્જતા અભ્યાસક્રમ :-**

  તા.૧૯-૧-૨૦૧૬થી ૩૦-૧-૨૦૧૬ના રોજ ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર ઉપક્રમે શ્રી એમ.પી. એન્ડ બી.એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટ્સ કૉમર્સ કૉલેજ ફૉર ગર્લ્સ દ્વારા માતૃભાષા વિશે સભાનતા કેળવાય એ માટે 'ભાષાસજ્જતા પ્રમાણપત્ર અભ્યાસક્રમ'નું આયોજન થયું હતું.

  તા.૩-૦૩-૨૦૧૬થી ૪-૦૩-૨૦૧૬ ના દિવસોમા ક.લા. સ્વાધ્યાયમંદિર અને માતૃભાષા સંવર્ધન કેન્દ્ર તથા મોડાસા કેળવણી મંડળ, મોડાસાના સંયુક્ત ઉપક્રમે ભાષાસજ્જતા અભ્યાસક્રમ (શિક્ષકો માટે) આયોજન થયું હતું.

  તા.૨૯-૮-૨૦૧૬થી ૧૦-૯-૨૦૧૬ સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે ભાષા સજ્જતાના વર્ગોનું આયોજન થયું હતું.

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર અને 'કવિલોક' ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૩૦-૭-૨૦૧૬ના રોજ એકદિવસીય 'ગુજરાતી દીર્ઘ કાવ્ય' વિશે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

- એની સરૈયા લેખિકાપ્રોત્સાહન નિધિના ઉપક્રમે સંયોજકશ્રી પારુલ કં. દેસાઈ અને શ્રી પ્રજ્ઞા પટેલ દર મહિને આ નિધિના ઉપક્રમે બહેનોને મળે છે અને મૌલિક, અપ્રકાશિત વાર્તાઓ અને કવિતાઓનું વાંચન થાય છે અને ચર્ચા થાય છે. આ વર્ષ દરમિયાન દર મહિને યોજાતી કાવ્યશિબિરમાં શ્રી યોગેશ જોષી અને શ્રી પ્રફુલ્લ રાવલ માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

**– પારુલ કંદર્પ દેસાઈ**



(૬)

# ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ

**ગ્રંથાલયનો પરિચય :**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી.મં. ગ્રંથાલયની સ્થાપના ૧૭ માર્ચ, ૧૯૮૦માં થઈ છે. આ ગ્રંથાલયમાં અત્યારે ૮૦,૦૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં ૧૪૮૯ દુર્લભ પુસ્તકો, ૨૪૩ હસ્તપ્રતો, ૭૮ જેવા સાહિત્યના સામયિકોની ફાઈલો અને ૧૦૬ સાહિત્યકારોના ફોટોગ્રાફ છે. ગ્રંથાલયમાં પુસ્તકો ભેટ મળેલા છે જેમકે બાલુભાઈ પારેખ, નગીનદાસ પારેખ, ધીરુ પરીખ, અનંતરાય રાવળ, રમણલાલ જોશી, રા.વિ. પાઠકના પુસ્તકો સહિત ૧૪ કબાટો અને નિરંજન ભગતનાં પુસ્તકો સહિત ૧૦ કબાટો ભેટ મળેલા છે. રમણલાલ સોનીનાં ૨ કબાટો સહિત ૧૧૮ પુસ્તકો જેને સંદર્ભ તરીકે અલગ રાખેલા છે. ચિમનલાલ ત્રિવેદી તરફથી ૧૪૩ જેટલાં પુસ્તકો ભેટ મળ્યાં છે. ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના વાચકો જેવાકે એમ.એ., એમ.ફિલ, પીએચ.ડી. તેમજ સંશોધકો પોતાને જોઈતા પુસ્તકો અને સંદર્ભ સેવા મેળવે છે. આ ગ્રંથાલય સંશોધનના ઉત્તમ ગ્રંથાલય તરીકે સેવા આપે છે.

**ગ્રંથાલયના આકર્ષણો :**

- બાળ વિભાગ અંતર્ગત બાળકોને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળકો માટે રમતના જ્ઞાનના સાધનો ઉપરાંત કેટલીક ચિત્રોની સીડી પણ જોવા મળી શકે છે. વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે.
- જગન મહેતાએ પાડેલા ૧૦૬ સાહિત્યકારોના ફોટાનો સંગ્રહ ગ્રંથાલય પાસે છે.
- નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાની ડાયરી (હસ્તપ્રત) ગ્રંથાલય પાસે છે.
- એસી હજાર પુસ્તકો ધરાવતા આ પુસ્તકાલયનું સંપૂર્ણ ડિઝીટ્લાઈઝેશન કરવામાં આવ્યું છે.
- આજીવન સભ્યો પાસવર્ડ દ્વારા ઘેર બેઠા પુસ્તકાલયની યાદી જોઈ શકે છે.
- સવાસો વર્ષ જૂના સંદર્ભ પુસ્તકો ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.
- સવાસો વર્ષ જૂનાં અલભ્ય સામયિકોની સંદર્ભ સેવા ઉપલબ્ધ છે.

**ગ્રંથાલયની પ્રવૃત્તિઓ :**

- વર્ષ દરમિયાન લગભગ કુલ-૨૯૨ જેટલા નવા સભ્યો બને છે. આજીવન સભ્યો ૮૭૭ છે.
- ચી.મં. ગ્રંથાલયના પાસઠ હજાર પુસ્તકોની યાદી લોગ-ઈન દ્વારા પુસ્તકોના શીર્ષકો હવે આપ લેખકના નામ દ્વારા પુસ્તકના નામ દ્વારા અથવા પુસ્તકના પ્રકાર દ્વારા ઘેર બેઠાં જ જાણી શકશો. આ સેવા નિઃશુલ્ક છે.

  જેની વેબસાઈટ http//gujaratisahityaparishad.com/library/ છે. ઈમેલ દ્વારા પુસ્તકો રીન્યુ થઈ શકે છે.
- સામાયિકોનું રી-બાઈન્ડીંગનું કામ પૂર્ણ થયેલ છે.
- ગ્રંથાલયમાં ઝેરોક્ષમશીન ઉપલબ્ધ છે. જે વાચકોને ઉપયોગી થઈ રહે છે.
- વર્ષ ૨૦૧૬-૧૭ની નિભાવ ગ્રાન્ટ મળી.
- ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટની લિન્ક પરથી ગ્રંથાલયનો ઉપયોગ પુસ્તકો રીન્યુ કરવા, પુસ્તકોની માહિતી મેળવવી.
- વર્ષ ૨૦૧૭ દરમિયાન સ્વરૂપ પ્રમાણે પુસ્તકમેળો/પ્રદર્શન કરવાનું આયોજન છે.



## (૭)
## રવીન્દ્રભવન

- તા.૬-૧-૨૦૧૬ના રોજ રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી શૈલેષ પારેખે 'રવીન્દ્રનાથનાં કાવ્યો અને ગીતોમાં રાષ્ટ્રપ્રેમ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૪-૨-૨૦૧૬ના રોજ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે સુશ્રી સુજ્ઞા શાહે 'ધ્વનિ મુદ્રિતરવીન્દ્ર સંગીત વસંતના ગીતો'ની પ્રસ્તુતિ કરી હતી.
- તા.૧૬-૩-૨૦૧૬ના રોજ રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે આવિષ્કાર એકેડમી દ્વારા 'રવીન્દ્ર ગુર્જરી'ની ડીવીડીનું સ્ક્રીનીંગ પ્રસ્તુત થયું હતું.
- તા.૬-૪-૨૦૧૬ના રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી શૈલેષ પારેખ દ્વારા રવીન્દ્ર સંગીતમાં પ્રેમના વિવિધ રંગ - ૧૨ ગીતોનું રેકાર્ડિંગ પ્રસ્તુત કર્યું હતું.
- તા.૭-૫-૨૦૧૬ના રોજ રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિ : સંધ્યાસંગીતથી માનસી' વિશે શ્રી નિરંજન ભગતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧૩-૭-૨૦૧૬ના રોજ રવીન્દ્ર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી રાજેન્દ્ર પટેલે 'રવીન્દ્રનાથ : માનસ સુંદરીથી જીવનદેવતા' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧૦-૮-૨૦૧૬ના રોજ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિ : સોનારતરીથી ગીતાંજલિ' વિશે શ્રી નિરંજન ભગતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૭-૯-૨૦૧૬ના રોજ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી નિરંજન ભગતે 'રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિ : બલાકા' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧૭-૧૧-૨૦૧૬ના રોજ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી નિરંજન ભગતે 'રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિ : પ્રાન્તિકથી શેષ લેખ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૭-૧૨-૨૦૧૬ના રોજ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી નિરંજન ભગતે 'રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિ : કાહિની' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

## (૮)
# શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

- **માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ :-**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર ઉપક્રમે શ્રી એમ.પી. એન્ડ બી.એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટ્સ કૉમર્સ કૉલેજ ફૉર ગર્લ્સ દ્વારા માતૃભાષા વિશે સભાનતા કેળવાય એ માટે 'ભાષાસજ્જતા પ્રમાણપત્ર અભ્યાસક્રમ'નું આયોજન તા.૧૯-૧-૨૦૧૬થી ૩૦-૧-૨૦૧૬ના રોજ થયું હતું. ૧૦ દિવસીય અભ્યાસક્રમમાં ગુજરાતીની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી પ્રફુલ્લ રાવલે પરિષદ પ્રવૃત્તિઓનો પરિચય, શ્રી રતિલાલ બોરીસાગરે માતૃભાષાનું મહત્ત્વ, શ્રી પારુલ કંદર્પ દેસાઈએ અભ્યાસક્રમની ભૂમિકા આપી હતી. તેમ જ કૉલેજના આચાર્યશ્રી સંગીતાબહેન ઘાટેએ કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ગુજરાતી અધ્યાપક શ્રી અજય રાવલે કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર અને માતૃભાષા સંવર્ધન કેન્દ્ર તથા મોડાસા કેળવણી મંડળ, મોડાસાના સંયુક્ત ઉપક્રમે ભાષાસજ્જતા અભ્યાસક્રમ (શિક્ષકો માટે) તા.૩-૦૩-૨૦૧૬થી ૪-૦૩-૨૦૧૬ ના દિવસોમાં મોડાસા ખાતે આયોજન થયું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર, માતૃભાષા સંવર્ધન કેન્દ્ર તથા સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ભાષાસજ્જતા અભ્યાસક્રમ તા.૨૯-૮-૨૦૧૬થી ૧૦-૯-૨૦૧૬નું આયોજન થયું હતું.



## (૯)
# વિશિષ્ટ કાર્યક્રમો

### બુધસભા/વિશ્વકવિતા કેન્દ્ર

દર બુધવારે રાત્રે ૭.૦૦થી ૮.૦૦ વાગે કાવ્ય-કાર્યશાળા શ્રી ધીરુ પરીખના માર્ગદર્શન હેઠળ યોજાય છે.

- આ વર્ષ દરમિયાન પ્રત્યેક મહિનાના છેલ્લા બુધવારે શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ ગીતા : એક કાવ્ય' વિષે વ્યાખ્યાન આપ્યું હતું.

### 'પાક્ષિકી'

દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે યોજાય છે. જેમાં વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે વાર્તા મૌલિક કે અનુવાદિત હોય શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે.

- તા.૭-૪-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી હસમુખ રાવલે વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૫-૫-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી દીવાન ઠાકોરે વાર્તાનું પઠન કર્યું હતું. પઠનને અંતે ચર્ચા થઈ હતી.
- તા.૧૯-૫-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી કિરીટ દૂધાતે વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૬-૬-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી અભિમન્યુ આચાર્યે મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૩૦-૬-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી મનહર ઓઝાએ મૌલિખ વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૭-૭-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી સંજય ચૌધરીએ વાર્તાનું પઠન કર્યું હતું.
- તા. ૨૧-૭-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી રામ મોરીએ મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.

- તા.૪-૮-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી બિપીન પટેલે વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧-૯-૨૦૧૬ના રોજ શ્રી ગિરીમા ઘારેખાને મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૪-૯-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી નિલમ દોશીએ મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૬-૧૦-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી વિજય સોનીએ વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૭-૧૧-૨૦૧૬ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી પૂર્વી ઉપાધ્યાયે વાર્તાનું પઠન કર્યું હતું.

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

દર મહિનાનાં પ્રથમ સોમવારે બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ યોજાય છે.

- તા.૮-૩-૨૦૧૬ના રોજ 'એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ' અંતર્ગત શ્રી યોગેશ જોષીએ અછાંદસ વિશે વિગતવાર ઉદાહરણો સાથે ચર્ચા કરી હતી. ત્યારબાદ દરેક બહેનોએ પોતાની સ્વરચિત રચનાનું પઠન કર્યું હતું. દરેક રચનાના પઠન સાથે એના વિશેની ચર્ચામાં શ્રી યોગેશભાઈની સાથે સાથે શ્રી પ્રફુલ્લ રાવલ અને શ્રી પારુલ કંદર્પ દેસાઈએ ભાગ લઈ સહુ બહેનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ શિબિરમાં વડોદરા, રાજકોટ અને અમદાવાદની કુલ ૩૫ બહેનોએ ઉત્સુકતાથી ભાગ લીધો હતો અને સુંદર પ્રતિભાવ આપ્યો હતો.
- તા.૫-૪-૨૦૧૬ના રોજ 'એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ' અંતર્ગત 'કાર્યશિબિર' યોજાઈ હતી. તેમાં શ્રી યોગેશ જોષી અને શ્રી પારુલ કંદર્પ દેસાઈએ કેટલીક ઉત્તમ કવિતાઓનું પઠન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ બહેનોએ તેમની કવિતાનું પઠન કર્યું અને તેના વિશે ચર્ચા થઈ.
- તા.૩-૫-૨૦૧૬ના રોજ 'એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ' અંતર્ગત કાવ્ય-પાઠશાળામાં આદરણીયશ્રી ધીરુબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમની ઉપસ્થિતિએ બહેનોને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરાં પાડ્યાં હતાં. શ્રી ધીરુબહેન અને શ્રી પારુલબહેને એની સરૈયા પ્રોત્સાહન નિધિના આરંભ વિશે વિગતે પરિચય કરાવ્યો હતો. શ્રી યોગેશ જોષીએ રઘુવીર ચૌધરી, સુન્દરમ્ અને ધીરુબહેન પટેલની 'મા' વિશેની કવિતાઓનું પઠન કર્યું હતું. કાવ્ય-પાઠશાળામાં ઉત્તરોત્તર સારાં કાવ્યો સર્જાય છે તેનો આનંદ બધાંએ વ્યક્ત કર્યો.



## ગુજરાતી સાહિત્ય પરિષદ પરિસરમાં આયોજિત વિવિધ કાર્યક્રમો

| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | આયોજન | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૧ | પાક્ષિકી | દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે | દીવાન ઠાકોર ૯૯૧૩૩૯૭૬૨૪ | પરિષદ | વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે વાર્તા મૌલિક કે અનુવાદિત હોય શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે. |
| ૦૨ | બુધસભા | દર બુધવારે | ધીરુભાઈ પરીખ | પરિષદ | કાવ્યશાળા, બુધસભાની પરંપરા મુજબ |
| ૦૩ | રવીન્દ્રભવન | દર માસનો પ્રથમ બુધવાર | શૈલેષ પારેખ | પરિષદ | રવીન્દ્રનાથના જીવન-કવન વિષે કાર્યક્રમ |
| ૦૪ | એનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ | દર મહિનાનો બીજો સોમવાર | પ્રજ્ઞા પટેલ/પારુલ દેસાઈ ૯૮૨૫૪૩૮૩૯૪ | પરિષદ ક.લા. | બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ |
| ૦૫ | પત્રકારત્વ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | પારુલ કંદર્પ દેસાઈ | પરિષદ ક.લા. | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૬ | અનુવાદ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ ક.લા. | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૭ | માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર | વર્ષમાં બે વખત | પારુલ કં. દેસાઈ | પરિષદ | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૮ | વેબસાઈટ અને નેટ અંતર્ગત કામ | અવિરત | રૂપલ મહેતા ૯૮૨૪૦૩૩૫૮૦ | પરિષદ | સાહિત્યને લગતી માહિતી |

(૧૧)

# ગુજરાતી સાહિત્ય પરિષદમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ દાનની વિગત

### પરબ અપીલ માટે

| | | |
|---|---|---|
| ૧. | નીતિનચંદ્ર સી. મોદી (નવસારી) | ૧૦૦૦/- |

### ગુ.સા.પ. સહાય પેટે

| | | |
|---|---|---|
| ૧. | મનોહર ત્રિવેદી (અમદાવાદ) | ૩૦૦૦/- |
| ૨. | રૂપલબહેન કે. મહેતા (અમદાવાદ) | ૩૭૮૦૦/- |

### કાર્યક્રમ માટે

| | | |
|---|---|---|
| ૧. | કવિલોક ટ્રસ્ટ (અમદાવાદ) | ૨૨૦૦૦/- |

### વિવિધ પ્રવૃત્તિઓ માટે

| | | |
|---|---|---|
| ૧. | કિશોરભાઈ પી. ઠાકર (અમદાવાદ) | ૩૫૦૦૦/- |
| ૨. | વ્રજમોહન રામકૃષ્ણ ગુપ્તા (અમદાવાદ) | ૩૫૦૦૦/- |
| ૩. | - | ૩૫૦૦૦/- |
| ૪. | શ્રી ચિત્રકુટધામ ટ્રસ્ટ (તલગાજરડા) | ૫૦૦૦૦/- |
| ૫. | એન.એન. પરીખ (અમદાવાદ) | ૧,૫૦,૦૦૦/- |
| ૬. | શ્રી સ્વામીનારાયણ ડિવાઈન મિશન (અમદાવાદ) | ૨,૦૦,૦૦૦/- |
| ૭. | રાજ ડેવલપ એન્ડ બિલ્ડર્સ (જામનગર) | ૧,૫૦,૦૦૦/- |
| ૮. | માતુશ્રી રામુબેન સામજીભાઈ ફળદુ ચે.ટ્રસ્ટ (જામનગર) | ૧,૫૦,૦૦૦/- |
| ૯. | શ્રીજી શિપીંગ (જામનગર) | ૧,૦૧,૧૧૧/- |
| ૧૦. | ધરતી નર્સરી એન્ડ ફાર્મ (અમદાવાદ) | ૨,૦૦,૦૦૦/- |
| ૧૧. | માન પેટ્રોલિયમ (અમદાવાદ) | ૩,૦૦,૦૦૦/- |
| ૧૨. | એલ.એમ.કેશવાલ (જામનગર) | ૧,૦૦,૦૦૦/– |
| ૧૩. | પુરૂષોતમભાઈ રાવજીભાઈ રાજાણી (જામનગર) | ૧,૦૦,૦૦૦/– |

(૧૨)

# શ્રદ્ધાંજલિ

- ગુજરાતી સાહિત્ય પરિષદ આ સૌ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પે છે.

### <u>અવસાન નોંધ-૨૦૧૬</u>

| | | |
|---|---|---|
| ૧. | લાભશંકર ઠાકર | ૬-૧-૨૦૧૬ |
| ૨. | મૃણાલિની સારાભાઈ | ૨૧-૧-૨૦૧૬ |
| ૩. | દિનકર ભોજક | ૭-૨-૨૦૧૬ |
| ૪. | દેવેન્દ્ર દવે | ૨૬-૩-૨૦૧૬ |
| ૫. | જય ગજ્જર | ૩૧-૩-૨૦૧૬ |
| ૬. | તરુલત્તા દવે | ૨૭-૪-૨૦૧૬ |
| ૭. | બાબુ દાવલપુરા | ૬-૬-૨૦૧૬ |
| ૮. | મહાશ્વેતા દેવી | ૨૮-૭-૨૦૧૬ |
| ૯. | મધુસૂદન ઢાંકી | ૩૦-૭-૨૦૧૬ |
| ૧૦. | રાજેન્દ્ર નાણાવટી | ૯-૮-૨૦૧૬ |
| ૧૧. | મુગટલાલ બાવીસી | ૩૦-૮-૨૦૧૬ |
| ૧૨. | નરેશ ઉમરીગર (ચર્ચાપત્રી) | ૧૮-૯-૨૦૧૬ |
| ૧૩. | રમેશ ઓઝા (સુરત) | ૧૮-૯-૨૦૧૬ |
| ૧૪. | રસિક શાહ | ૫-૧૦-૨૦૧૬ |
| ૧૫. | વિનોદ અધ્વર્યુ | ૨૪-૧૧-૨૦૧૬ |

*ઓમ: શાંતિ શાંતિ શાંતિ....*

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૯મું જ્ઞાનસત્રનો
## વિગતવાર કાર્યક્રમ

**ઉદ્‌ઘાટન બેઠક : તા.૨૩-૧૨-૨૦૧૬, શુક્રવાર, બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦**

ગીત : જય જય ગરવી ગુજરાત....
આશીર્વાદ : યતિશ્રી વિજયસોમજી મ.સા.
સ્વાગત : શ્રી કિશોરસિંહ સોલંકી
અતિથિશ્રીનો પરિચય : શ્રી રમણીક સોમેશ્વર
અતિથિશ્રી : શ્રી એન. ગોપી
અધ્યક્ષ : શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા
પ્રાસંગિક : શ્રી રઘુવીર ચૌધરી, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ
પરિષદનો અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી)
આભાર : શ્રી રાજેન્દ્ર પટેલ

**બીજી બેઠક તા.૨૩-૧૨-૨૦૧૬, શુક્રવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦**

*શતાબ્દી વંદના : શ્રી બાલમુકુન્દ દવે અને શ્રી વેણીભાઈ પુરોહિત*

અધ્યક્ષ : શ્રી પ્રફુલ્લ રાવલ
વક્તા : શ્રી હરિકૃષ્ણ પાઠક
શ્રી ઉદયન ઠક્કર
સંચાલન : શ્રી રાજેન્દ્ર પટેલ

**ત્રીજી બેઠક : તા.૨૩-૧૨-૨૦૧૬, શુક્રવાર, રાત્રે - ૮.૦૦થી ૧૦.૦૦**

*યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ - ભવાઈ*

**ચોથી બેઠક : તા.૨૪-૧૨-૨૦૧૬, શનિવાર, સવારે ૯.૩૦થી ૧૨.૩૦**

*પ્રશિષ્ટ સાહિત્ય : (મધ્યકાલીન, અર્વાચીન અને સાંપ્રત)*

અધ્યક્ષ : શ્રી અનિલા દલાલ
જ્ઞાનવિમલસૂરિનું સાહિત્યમાં પ્રદાન : શ્રી અભય દોશી
ગાંધી યુગનું દલિત સાહિત્ય : શ્રી સમીર ભટ્ટ
નારીવિમર્શ : શ્રી ઈલા આરબ મહેતા
સંચાલન : શ્રી અજયસિંહ ચૌહાણ



**પાંચમી બેઠક : તા.૨૪-૧૨-૨૦૧૬, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**

*માનવવિદ્યા અને સાહિત્ય*

અધ્યક્ષ : શ્રી રમેશ બી. શાહ
સાહિત્ય : એક સામાજિક રચના : શ્રી વિદ્યુત જોશી
ડીઝીટલ વર્લ્ડ અને સાહિત્ય : શ્રી રૂપલ મહેતા
વાદ-વિવાદ સાહિત્યમાં અને
અર્થશાસ્ત્રમાં : શ્રી ધવલ મહેતા
સંચાલન : શ્રી જનક નાયક

**છઠ્ઠી બેઠક : તા.૨૪-૧૨-૨૦૧૬, શનિવાર, રાત્રે ૮.૦૦થી ૧૦.૦૦**

**આસ્વાદ : ઉત્તરગુજરાતના પરિવેશની કૃતિઓનું વાચિકમ્**

ભૂમિકા : શ્રી કિશોરસિંહ સોલંકી
વાચિકમ્ : સ્થાનિક સાહિત્યકાર અને વિદ્યાર્થીઓ

**સાતમી બેઠક: તા : ૨૫-૧૨-૨૦૧૬, રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

*પ્રદેશ વિશેષ અને સાહિત્ય : બનાસકાંઠા (ઉત્તર ગુજરાત)*

અધ્યક્ષ : શ્રી ભગવાનદાસ પટેલ
પાલનપુરી બોલી : શ્રી મુસાફિર પાલનપુરી
ઉત્તરગુજરાતના સાહિત્યમાં
વ્યક્ત થતી ગ્રામચેતના : શ્રી મનીષા દવે
સંચાલન : શ્રી રવીન્દ્ર પારેખ

**આઠમી બેઠક : તા:૨૫/૧૨/૨૦૧૬, રવિવાર , બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦**

**આભારદર્શન**

યજમાન સંસ્થા વતી : શ્રી કિશોરસિંહ સોલંકી
ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : શ્રી પ્રફુલ્લ રાવલ, મહામંત્રી

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મોડાસા | ૨૭ | ઑક્ટોબર | ૧૯૬૦ |
| ૨. | દાહોદ | ૨૧ | ઑક્ટોબર | ૧૯૬૨ |
| ૩. | વાડાશિનોર | ૨૫ | ઑક્ટોબર | ૧૯૬૪ |
| ૪. | દ્વારકા | ૨૯ | ઑક્ટોબર | ૧૯૬૬ |
| ૫. | શારદાગ્રામ | ૧ | નવેમ્બર | ૧૯૬૮ |
| ૬. | ઈડર | ૨૩ | ઑક્ટોબર | ૧૯૭૦ |
| ૭. | સંસ્કારતીર્થ (આજોલ) | ૨૯ | ડિસેમ્બર | ૧૯૭૨ |
| ૮. | કાંદિવલી (મુંબઈ) | ૩ | જાન્યુઆરી | ૧૯૭૪ |
| ૯. | અલિયાબાડા | ૫ | નવેમ્બર | ૧૯૭૬ |
| ૧૦. | ગ્રામભારતી (અમરાપુર) | ૩૦ | ડિસેમ્બર | ૧૯૭૮ |
| ૧૧. | લોકભારતી (સણોસરા) | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૦ |
| ૧૨. | વનસ્થલી-કણજોડ | ૬ | નવેમ્બર | ૧૯૮૨ |
| ૧૩. | લોકનિકેતન (રતનપુર) | ૨૬ | જાન્યુઆરી | ૧૯૮૪ |
| ૧૪. | અમરેલી | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૬ |
| ૧૫. | ભાવનગર | ૨૪ | ડિસેમ્બર | ૧૯૮૮ |
| ૧૬. | સાવલી | ૨૯ | ડિસેમ્બર | ૧૯૯૦ |
| ૧૭. | નવસારી | ૩૦ | જાન્યુઆરી | ૧૯૯૨ |
| ૧૮. | ભીમોર (ચોટીલા) | ૨૪ | ડિસેમ્બર | ૧૯૯૪ |
| ૧૯. | અમીરગઢ | ૨૮ | ડિસેમ્બર | ૧૯૯૬ |
| ૨૦. | રાધનપુર | ૨૫,૨૬,૨૭ | ડિસેમ્બર | ૧૯૯૮ |
| ૨૧. | સણાલી (દાંતા) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૦ |
| ૨૨. | બારડોલી | ૨૭,૨૮,૨૯ | ડિસેમ્બર | ૨૦૦૨ |
| ૨૩. | વલ્લભવિદ્યાનગર | ૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૦૪ |
| ૨૪. | માંડવી (કચ્છ) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૬ |
| ૨૫. | કીમ (સૂરત) | ૨૬,૨૭,૨૮ | ડિસેમ્બર | ૨૦૦૮ |
| ૨૬. | મોડાસા | ૨૪,૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૧૦ |
| ૨૭. | સૂરત | ૨૧,૨૨,૨૩ | ડિસેમ્બર | ૨૦૧૨ |
| ૨૮. | ઇન્દોર | ૧૯,૨૦,૨૧ | ડિસેમ્બર | ૨૦૧૪ |
| ૨૯. | મગરવાડા (જી.બનાસકાંઠા) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૧૬ |



## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખો

| ક્રમ | પ્રમુખ | વર્ષ |
|---|---|---|
| ૧. | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી | ૧૯૦૫ |
| ૨. | કેશવલાલ હ. ધ્રુવ | ૧૯૦૭ |
| ૩. | અંબાલાલ સા. દેસાઈ | ૧૯૦૯ |
| ૪. | રણછોડલાલ ઉદયરામ દવે | ૧૯૧૨ |
| ૫. | નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા | ૧૯૧૫ |
| ૬. | હરગોવિંદ દ્વા. કાંટાવાળા | ૧૯૨૦ |
| ૭. | કમળાશંકર પ્રા. ત્રિવેદી | ૧૯૨૪ |
| ૮. | રમણભાઈ મ. નીલકંઠ | ૧૯૨૬ |
| ૯. | આનંદશંકર બા. ધ્રુવ | ૧૯૨૮ |
| ૧૦. | ભૂલાભાઈ જીવણજી દેસાઈ | ૧૯૩૧ |
| ૧૧. | કૃષ્ણલાલ મો. ઝવેરી | ૧૯૩૪ |
| ૧૨. | મોહનદાસ કરમચંદ ગાંધી | ૧૯૩૬ |
| ૧૩. | કનૈયાલાલ માણેકલાલ મુનશી | ૧૯૩૭ |
| ૧૪. | અરદેશર ફરામજી ખબરદાર | ૧૯૪૧ |
| ૧૫. | વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ | ૧૯૪૩ |
| ૧૬. | રામનારાયણ વિ. પાઠક | ૧૯૪૬ |
| ૧૭. | કનૈયાલાલ મા. મુનશી | ૧૯૪૯ |
| ૧૮. | હરિસિદ્ધભાઈ વ. દિવેટિયા | ૧૯૫૨ |
| ૧૯. | કનૈયાલાલ મા. મુનશી | ૧૯૫૫ |
| ૨૦. | કાકાસાહેબ કાલેલકર | ૧૯૫૯ |
| ૨૧. | વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી | ૧૯૬૧ |
| ૨૨. | રસિકલાલ છો. પરીખ | ૧૯૬૪ |
| ૨૩. | જ્યોતીન્દ્ર હ. દવે | ૧૯૬૬ |
| ૨૪. | ઉમાશંકર જોશી | ૧૯૬૮ |
| ૨૫. | ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્' | ૧૯૭૦ |
| ૨૬. | ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' | ૧૯૭૨ |
| ૨૭. | ગુલાબદાસ બ્રોકર | ૧૯૭૪ |


| | | |
|---|---|---|
| ૨૮. | રામપ્રસાદ બક્ષી | ૧૯૭૬ |
| ૨૯. | ચંદ્રવદન મહેતા | ૧૯૭૮ |
| ૩૦. | અનંતરાય મ. રાવળ | ૧૯૭૯ |
| ૩૧. | મનુભાઈ પંચોળી 'દર્શક' | ૧૯૮૧ |
| ૩૨. | યશવંત શુક્લ | ૧૯૮૩ |
| ૩૩. | કે.કા. શાસ્ત્રી | ૧૯૮૫ |
| ૩૪. | ભોગીલાલ સાંડેસરા | ૧૯૮૭ |
| ૩૫. | જયન્ત પાઠક | ૧૯૮૯ |
| ૩૬. | 'ઉશનસ્' | ૧૯૯૧ |
| ૩૭. | રાજેન્દ્ર શાહ | ૧૯૯૩ |
| ૩૮. | વિનોદ ભટ્ટ | ૧૯૯૫ |
| ૩૯. | નિરંજન ભગત | ૧૯૯૭ |
| ૪૦. | ધીરુભાઈ ઠાકર | ૧૯૯૯ |
| ૪૧. | રઘુવીર ચૌધરી | ૨૦૦૧ |
| ૪૨. | ધીરુબહેન પટેલ | ૨૦૦૩ |
| ૪૩. | બકુલ ત્રિપાઠી | ૨૦૦૫ |
| ૪૩. | હરિકૃષ્ણ પાઠક (કાર્યકારી પ્રમુખ) | ૨૦૦૬ |
| ૪૩. | કુમારપાળ દેસાઈ | ૨૦૦૬ |
| ૪૪. | નારાયણભાઈ દેસાઈ | ૨૦૦૭ |
| ૪૫. | ભગવતીકુમાર શર્મા | ૨૦૦૯ |
| ૪૬. | ભોળાભાઈ પટેલ | ૧-૧- ૨૦૧૨થી ૨૦-૫-૨૦૧૨ (અવ) |
| ૪૬. | વર્ષા અડાલજા | ૮-૭-૨૦૧૨ |
| ૪૭. | ધીરુ પરીખ | ૨૦૧૩ |
| ૪૮. | ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૨૦૧૫ |








કરુણપ્રશસ્તિ પરિસંવાદની તસવીર






ગુજરાતી દીર્ઘકાવ્ય પરિસંવાદ

**ઉપરોક્ત અહેવાલ તૈયાર કરવામાં નીચેની વ્યક્તિઓનો ફાળો રહ્યો છે.**
મંત્રીશ્રી ઉષા ઉપાધ્યાય, શ્રી જનક નાયક, ટ્રસ્ટીશ્રી રૂપલ મહેતા, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, શ્રી રાજેન્દ્ર પટેલ, કાર્યકારી નિયામક પારૂલ કં. દેસાઈ, ઈતુભાઈ કુરકુટિયા તથા કર્મચારીઓ ચન્દ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે તથા જે તે પ્રવૃત્તિના સંયોજકો.



....સાહિત્યની ઉપયોગિતા સ્વીકારી; પણ સાહિત્ય પરિષદ કવિઓ કે વિદ્વાનો ઉપજાવી શકશે ? સાક્ષાત્ કવિઓ કે વિદ્વાનો ઉપજાવવાનો દાવો આ સંસ્થાએ કદી કર્યો નથી અને કરતી નથી. પણ અષાઢનાં વાદળાં જોઈ કૃષિકાર - એમાંથી જળનું એક બિન્દુ પણ ટપકાવી શકવાનું એનું સામર્થ્ય ન હોય તો પણ ઊંચી ડોકે એના સામું જોઈ રહે છે; તેમ યુગધુરન્ધર કવિ અને તત્ત્વેત્તા માટે આપણી પરિષદ પણ તલસે તો એ સ્વાભાવિક નથી ? મહાપ્રસંગો ઉપજાવવાનું કામ એક પરમાત્માના અવતારભૂત જનસમાજના ચૈતન્યનું છે.

**— આનંદશંકર ધ્રુવ**

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭
વેબસાઈટ : www.gujaratisahityaparishad.org
ઈ-મેઇલ : gspamd@vsnl.net